# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ ખાતે ફાર્મર્સ સાયન્ટીસ્ટ ઇન્ટરેક્શન મીટનું આયોજન

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, અરણેજ ખાતે કેવીકે, અરણેજ અને આત્મા, અમદાવાદ ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧/૦૯/૨૦૨૨ ના રોજ ફાર્મર્સ સાયન્ટીસ્ટ ઇન્ટરએક્શન મીટનું આયોજન આકૃયુ ના માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું. સદર મીટમાં શ્રી કે. કે. પટેલ, પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા, અમદાવાદ અને શ્રી વનરાજસિંહ પરમાર, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા, અમદાવાદ હાજર રહેલ હતા. જેમાં અમદાવાદ જીલ્લાના ૧૬૦ જેટલા ખેડૂત ભાઈ બહેનોએ હર્ષભેર ભાગ લીધેલ હતો. આ પ્રસંગે ડો. કે. ડી. ગુલકરી, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવીકે, અરણેજ એ પ્રાકૃતિક ખેતીના પાંચ આયામો વિષે, શ્રી કે. કે. પટેલે પ્રાકૃતિક ખેતીનું મહત્વ, શ્રી દિનેશ રંગપરા, વૈજ્ઞાનિક (કૃષિ ઈજનેર) એ ડાંગર, ઘઉં અને ચણાના પાકમાં વપરાતા વિવિધ સાધનો વિષે, શ્રીમતી હિનાબેન ચાવડા, વૈજ્ઞાનિક (ગૃહવિજ્ઞાન) એ પ્રાકૃતિક ખેતીના લીધે માનવસ્વાસ્થ્ય પર થતા ફાયદા, ડૉ. નિતિન પટેલ, વૈજ્ઞાનિક (પશુવિજ્ઞાન) એ ઋતુ પ્રમાણે પશુની કાળજી કેવી રીતે રાખવી તથા પ્રાકૃતિક ખેતીમાં દેશી ગાયનું મહત્વ વિષય ઉપર વ્યક્તવ્ય આપેલ. ત્યારબાદ ખેડૂતો અને હાજર રહેલ વૈજ્ઞાનિકો વચ્ચે ખેડૂતોને મૂંઝવતા વિવિધ પ્રશ્નો ઉપર ચર્ચા કરવામાં આવેલ હતી. કાર્યક્રમના અંતમાં શ્રીમતી નેહાબેન શેઠવાલા, પ્રોગ્રામ આસીસ્ટંટ (કોમ્પ્યુટર) એ કાર્યક્રમમાં હાજર રહેલ બધા ખેડૂત ભાઈ બહેનોનોઅને આત્મા સ્ટાફનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ.



